॥ वन्देमातरम् ॥

હિન્દુસ્તાનનો વિજય વાવટે

તથા

ધર્મોપદેશ

રચનાર,

બી. આર. પટેલ—અમદા

છપાવી પ્રસિદ્ધ કરનાર,

પટેલ. બાબરભાઈ ઘોરી

અને

પટેલ. નાગરભાઈ બહેચર

આવૃત્તિ પહેલી—પ્રત ૫૦

સંવત ૧૯૬૪—સને ૧૯૦૮.

પ્રીન્ટીંગ પ્રેસ—આ

અર્પણ પત્રિકા

જેઓ પોતાના દેશને માટે, પોતાની માતૃ ભૂમિને માટે, પોતાના ધર્મનુ અને જ્ઞાતિનુ સંરક્ષણ કરવાને માટે, પોતાના પિતૃ દેવતાઓનો આશિર્વાદ મેળવી પોતાની સુકિર્તિમાં વધારો કરવા માટે દયા, ન્યાય, નવા નવા હુન્નર ઉદ્યોગ, ઔષધાલયો, વાવ, કુવા, વિસામા, નીતીનાં તેમજ લોકોપયોગી એહવાં બીજા ઉત્તમ પુસ્તકો લખવા, ખરીદવા, છપાવવા અગર ભણાવવા વિગેરે અનેક પરોપકારી કાર્યો કર્યા છે, કરે છે, તેમજ તેવાં ઉત્તમ કાર્યો કરવા માટે તન મન અને ધનથી મંડ્યા રહે છે, પોતાના પ્રિય પુત્રો અને પત્ની આદીના સુખનો ત્યાગ કરી પરદેશ તેમજ વનસ્પતી આદીની શોધ માટે પહાડો, પર્વતો અને ભયંકર જંગલોમાં ભટકે છે તેમજ નાટકો વિગેરેથી પ્રત્યક્ષ અનુભવ કરી બતાવે છે અને સારા સુધરેલા દેશોની ઉન્નતી શાથી થઇ વિગેરે જુદી જુદી ભાષાના ગ્રંથોનું અવલોકન કરી આપણા માટે અથાગ શ્રમ વેઠે છે અને જેઓએ સ્વદેશ તથા ધર્મના રક્ષણની ખાતર અનેક પ્રક... મિઠાઇ વિગેરેનો ત્યાગ કરેલો છે, જેઓ કેળવણી માટે મુખ્ય ... સ્ત્રી ઉપર ગણી તેઓને કસરત સાથે બાળકોને કેળવવાં તેમજ ... આદિથી કેટલા કેટલા ફાયદા થાય છે વિગેરે બતાવેછે તેવા ભારત... ભાઇઓ અને પવિત્ર એહવી જે સદગુણી બાઇઓ તથા બન્ધુ ... જેઓએ મારા જેવા સાધારણ લેખકને પણ (ભદ્રકાળી માતાનાં 'એક રાત્રીમાં ખરીદી લીધાં' આશાપુરી માતાનાં ગાયનો, વરદક્ષણ... ગાયનો તથા ગરબાવળી, માતરી માતાનાં ગાયનો વિગેરે મા... અને બીજી મારા પુસ્તકાલયની ચોપડીઓ ખરીદી) ઉત્તે... તેઓ તથા મને મારા અન્ય કાર્યોથી આકર્ષાઇ જે ગ્ર... લખી આપ્યાં છે તે સરવેનું પરમાત્મા ભલું કરે ... પુસ્તક અર્પણ કરૂં છું તે સ્વીકારી આભારી...

નાગરભાઇ તથા બાબરભાઇ અને સ્વદેશી બન્ધુઓ.

વહાલા ભારતમાતાના સપુત સંતાનો અન્ય લોકો પોતાની જન્મ-ભૂમિનો વિજય વાવટો દશે દિશામા ફરકાવવા મથેછે, પોતાનો દેશ ખાવા, પીવા અને મોજ શોખમાં ગરકાવ થઈ જવા છતાં તેને વૈકુંઠ સમાન બનાવવા ધારે છે, દુનિયામાં હુન્નર-ઉદ્યોગના શિખરે પહોંચેલા કેટલાએક ખંતીલા અને ટેકીલા નરો વસેછે કેટલાએક દેશ પૈસાથી રેલમછેલમ થઇ ગયાછે, અમેરીકામાં કાગળો ખુટવાથી લાકડામાંથી બનાવે છે, તેને માટે જંગલો વેરાન કરી નાંખ્યાં છે, તેટલું છાપવાનુ કામ ચાલે છે, ન્યુયોર્કમાં એંશી પૃષ્ટનું એક પત્ર નીકળે છે તેની આઠ લાખ નકલો દરેક અંકની છપાય છે,દરેક અંક માટે ૯૭૭૯ પાઉંડના કાગળો અને તેને માટે ૩૬૭ એકર જમીનનાં લાકડાં કાપવાં પડે છે, એક વીમા કંપનીએ બાસઠ માળ અને નવસો ફીટ ઉંચુ મકાન બાંધવા ધાર્યુંછે, લંડનના બ્રીટીશ મ્યુઝીયમના ...યમાં ૪០០០០០០ લાખ પુસ્તકો સંભળાયછે। એક સાહેબે ૪០០០០ શબ્દો ઘણે દુર મોકલી શકાય તેવું યંત્ર બનાવ્યું છે. એક હુન્નરબાજે કેડે બાંધીને ગમે તેટલા ઉંડા પાણીમાં પડવાથી ... એવું યંત્ર બનાવ્યું છે. એક સાહેબ તરફથી સાડા બારલાખ રૂપિયા એક પરોપકારી ફંડ માટે કઢાડવામાં આવીછે,ધન્યછે એહવા ...ત અને પરોપકારી તથા હુન્નરબાજ નરોને. અને ધિક્કાર છે ...ર કે પોતાનો ધર્મ જાણવા છતાં પણ પાળતા નથી અને જેને ...ે વખાણ્યો નથી, જેને માતૃ ભૂમિ માટે લેશ પણ લાગણી ...નજાત કે ધર્મનો હોય,પરંતુ દેશનું ભલું ચ્હાનારને ભાઇ ... તેવા મનુષ્યો ચ્હાય તેટલા બહોળા કુટુંબવાળા હોય, ...ન હોય કે રંક,પણ પોતાના દેશ ઉપર જેને પ્રીતી ...ગી, મંકોડી અને કાગડા તથા કીડાની ...વા માટેજ જીવે છે.

હિન્દુસ્તાનનો વિજય વાવટો

તથા

ધર્મોપદેશ.

મંગળા ચરણ.

રાગ—ગરબી.

ગજાનન ગુણ તણા ભંડાર, અરજ ઉર ધારજ્યો રે;
આધિ વ્યાધિ ને ઉપાધિ હિન્દની ટાળજ્યો રે. ટેક.
કંઇને પટકે પ્લેગ મરકી, કંઇને પટકે કાળ;
ધંધા ઉપર ધાડ પડી, શું કરે તમારાં બાળ. ગજા૦
કંઇ ઘરેણું પહેરે પોલું, કહેવાવાને શેઠ;
કંઇ મુરખ મમતમાં મરતા, કરતા પરાઇ વેઠ. ગજા૦
ગાડી ઘોડા મોજ શોખમાં, જઇ મુકે સહુ ભેટ;
મળે ન ટુકડો સુકો જેનાં, ઉંચાં રહુડીયાં પેટ.
જો પડશે ખાડાની માંહે, આમ હિન્દનું ગાડું;
તો લંબોદર ક્યાંથી ખાશો, લચપચ ઘીના લા
સ્ત્રી પુરૂષ ને બાળક સહુને, આપો બુદ્ધિ
પોતા પોતાનો ધર્મ સંભાળે, ટળે તે

દેશભક્ત વીરનરો માટે પુષ્પની માળા.

રાગ-ભજન.

પુષ્પોથી વધાવું હું તો, ફુલડે વધાવું—
મ્હારા ભારતીના ભકતોને સોના મ્હોરથી વધાવું રે જી. ટેક.
એ અમારો ધર્મ ભાઇ, એ અમારાં કર્મ ભાઇ;
બીજું ગાંણુ ગમે ના ગાવું.
દાદાભાઇ દીવડો એ, હીરો હિન્દુસ્તાનનો રે;
ટીળકના ગુણ હું શું ગાવું રે   મ્હારા ભારતીના૦ ૧
ગુંથજે ઓ મીત્ર માલી, હાર ભાત ભાતનારે;
પ્રેમથી એ પાલને પહેરાવું.
લાલ માટે લેવી કળીઓ, નવી નવી બાગથાં રે;
હારમાં એ હીરલા જડાવું રે   મ્હારા ભારતીના૦ ૨
અગણિત હાર એવા હેતથી ગુંથાવું રે;
અજીત ને ગોખલેના ગાવું.
દ ઘોસ બોઝ સત્યેન્દ્રના જેવા બીજા;
નો સાથ સ્નેહે ન્હાવું રે   મ્હારા ભારતીના૦ ૩
ર્યોમાં ના ઢીલ કરે ધીર વીર;
ા દેશભક્ત થાવું થાવું થાવું.
વનાં નામ લેતાં ગ્રંથમાં ન માયજી રે;
મ્રુત સહુ મિત્રોને ધર્મ પંથે જાવું રે મ્હા૦ ૪
ભાઇ, ગુણ માના ગાવો રે;
ાવું રે   મ્હારા ભારતીના૦ ૫

વા

હિન્દુસ્તાનની હાલની હાલત માટે દીલગીરી.

રાગ-મરશીઆ.

હાય વોય હિન્દ આશી દશા થઇ ત્હારી,
આશી દશા થઇ ત્હારી, ભર્યા ચારે દીશામાં ભીખારી—
ટેરી હાય વોય હિન્દ આશી દશા થઇ ત્હારી. ૧
કોણ પશુ પંખીને સંભાળે, કેમ બેઠાં ઉદાશ થઇ ડાળે;
શાથી આંસુ ચોધારાં તે ઢાળેરી હાય વોય હિન્દ૦ ૨
ગઉ માતાને કોણ કહો પાળે, દેતી દુધ તે બિચારી વારે વારે;
થાય મુજ બાળ મ્હોટાં મન ધારેરી હાય વોય હિન્દ૦ ૩
કંઇ બાળ લાળ મુખમાં લટકે, કંઇ અન્ન વિણ અગણિત ભટકે;
કેમ બાન્ધવો એ મનમાં ન ખટકેરી હાય વોય હિન્દ૦ ૪
કંઇ તાણે લહારી પેટ માટે, કંઇ પડયાં ગંગાજી
કંઇ વેચે બાળક વસુ માટેરી હાય વોય હિ
કંઇ એક ટંક દીનમાં ખાય, કંઇ પલેગ થકી તો
કંઇ દુબકે તો માર્યાં જાયરી હાય વોય હિ

રાગ-મહાતમનો

એસી દશા ક્યાંસે આઇરી ઓય હાયરે એસી દશ
એસી દશા ક્યાંસે આઇ, નહી પેસા અધેલી
દુધ છોડકર રાપરેટ લેના, કીસ
જાતી દુખમેં હી દીન ઓર રે

પરદેશી વસ્તુઓથી થતું નુકશાન.

રાગ–લલિત છંદ.

અરર હિન્દુઓ ધર્મ જાયરે, વિદેશી વસ્તુ આજ આર્ય ખાયરે;
હાડ માંસથી વસ્તુ જે ભરી, કોમળ કર વિષે હાય તે ધરી.
નથી વીચારતા વાતને કશી, અરર આર્ય આપ કયાં પડયા ફશી;
સુકી મીઠાઇ આજ આઇસતો લીધો, દુધ સાટે હાય દારૂ તો પીધો.
હાર હેમના હાથથી ગયા, કાચ કીડીઆં નશીબમાં રહયાં;
તલવારને કટાર એહતો ગઇ. કર વિષે કજાત સોટીઓ રહી.
સુવર્ણ ચાંદીના ગુમાવ્યા થાળરે રકાબી કાચની લઇ ઉદર ભરે;
મર્યાદશીલ જે વસ્ત્રોરે હતાં, અરર હાય આજ તે રહયાં જતાં.
મશરૂને કીનખાબ મુકયા મોજમા, ધર્મ કર્મ હાય નાંખી હોજમાં;
ગયા સુવર્ણના ચુડલા અરે, ધ્યાન બંગડીનું બાનુઓ ધરે.
[illegible]ગારેટ વેઠ એ વડી, પાઘડી ગઇ શીર ટોપી તો ખડી;
[illegible]ડ આજ આવી ને નડી, બેડી ધર્મમાં હાય એ જડી.
[illegible]હાય આપ જરાક તો ડરો, ધર્મ ગુરૂ એ ઉપદેશ તો કરો;
[illegible]શાસ્તરો બેશી શું રહયા, ઉપદેશ આર્યોના હાથથી ગયા.
[illegible]ત થી કહેવું ના ગમે, જુઓ ભીખારીઓ દેશમાં ભમે;
[illegible] કેાા અન્ય તો વિના, સ્વપ્ન કયાં હશે દહિ દુધને ઘીનાં.
[illegible]

સાખી.

[illegible]ણટનને બાટલી, એ ભારતનાં ભુત;
[illegible] શુરવીર થઇ, જાગો કોઇ સપુત.
[illegible]દઓ, કરો કાંક ઉપાય;
[illegible]ની, [illegible]થાં જળમાં ખાય.

પોતાના હાથથી વિજય વાવટો ઉડાવવા વિનંતી

મોજમજા પરહરજ્યો, ભારતવાશી મોજમજા પરહરજ્યો. ટેક.
પરદેશી લોકો પૈસા હરે છે, વિચાર વિરો એ કરજ્યો. ભારત૦ ૧
અન્ય વસ્ત્ર વિના રડવડતાં તેઓનો ઉદ્ધાર કરજ્યો. ભારત૦ ૨
શાસ્ત્ર વિરૂદ્ધ વાપરતાં વસ્તુ, દેવ થકી દીલ ડરજ્યો. ભારત૦ ૩
કરે જે હુન્નર ઉદ્યોગ હેતે, મદદ તેઓને કરજ્યો. ભારત૦ ૪
હિન્દુ મુસલમાન સંપ વધારી, અરજી આ ઉરમાં ધરજ્યો ભારત૦ ૫
ભાઇઓ ભાઇમાં ભાવ વધારી, કરતા હોય તે કરજ્યો ભારત૦ ૬
ભારતી માતનાં સમજુ બાળકો, ઠારી જનેતાને ઠરજ્યો ભારત૦ ૭

ભુજંગી છંદ.

અરે આર્ય વીરો વહેલા વારે આવો, તમો રંક બન્ધુ તણા કર રહાવો;
દયા દેશ બન્ધુ ઉપર કાંક લાવો, વીરા વાવટો આપ હસ્તે ઉઠાવો.
પડ્યાં પાથરી કંઇક દુખની પથારી, શકો ન તમે શું હ તે
ઉઠો જાગીને દેશ આખો જગાવો, વીરા વાવટો આપ હસ્તે
કરો સંપીને શુભ કાર્યો હજારો, રૂડો બોધ ધર્મ તણો
કરો કાંક ઉપાય તો સુખો થાવો, વીરા વાવટો આપ હ
લખો પુસ્તકો પ્રેમ આજે વધારી, દયા દીલમાં દેશ
ડુબે દેશ તેને તમે તો બચાવો, વીરા વાવટો આ
જમણવાર કે વરઘોડા ચડાવો, છતાં શું તમે
કરો ભાષણો દેશ પરદેશ જાવો, વીરા વાવટો
પછી ભોગવો સુખ ઇન્દ્રતા જેવું ... ને
કરી દેશ સુખો ઘરેણાં ઘડાવો

હિંદુસ્તાનની સુજ્ઞ બહેનો પ્રત્યે ધર્મ સંબંધી બે બોલ.

રાગ મોહમાયાના કરનારારે

બાઇઓ બહેનો વિચારીને ચાલોરે, મુકો ઠમકો ને ઠાઠ હવે ઠાલો;
ભરત ભુમિનું કલંક ટાળી બહેનો ધર્મ તમારો સંભાળો,
પરદેશી ચીજનો ત્યાગ કરો હવે સ્વદેશી વૃત ઉરધારોરે બાઇઓ ૧.
માત પીતાને ભ્રાત ભાગે તમારાં વસ્ત્ર શે ના શરમાવો.
ઓળખીતાં તો રહે અટવાઇ બાઇ,બાકીનાં દેશે ગાળોરે બાઇઓ ૨
કરો પ્રતીજ્ઞા પતીની આગળ સીતા સમ શરીર શોભાવો.
હેમ સમ જાણો બાઇ લાકડાના ચુડલા કરો નહીં બંગડીનો ચાળોરે.
સમજુ સન્નારીને શીખ આ સારી, લાગે વ્યભિચારણીને નઠારી
માતા પીતાને વળી ધન્ય ભાઇ તેહના સમજી લે આ ઇસારોરે બા.
સમજાવે સ્વાર્થી આડું ને અવળું, નઠારનું તે નાં નિહાળો.
લે મુરખ કોઇ એહવા તો હેતથી ઘર તેઓનું ટાળોરે. બા.
...થે કેળવો બાળ બાઇ, બાળ લગ્નને દેઇ ટાળો
...ઓને આપો અનાજ ભુંડા ભીખારી હાંકી કાઢોરે બા.
...ગાં કરે મજુરી તે તો તમે ના નિહાળો
...ને ધન્ય આપ્યાં બાઇ વધ્યા એથી વ્યભિચારોરે બા.
... સુખી પતીતો કહો સ્વાગી સ્વદેશ સુધારો
... નાવલા છે વારા કેડે એવો વારોરે બા.
...ફરી કાલાવાલા હિંમત હુન્નરમાં આલો
...તેગુનુ કહેવા પ્રમાણે ચાલોરે બા.
... સત્ય વિચારો જણાવો.
...ની, ...વ ધરીને લાગુલોરે બા.

સોંઘી કે મોંઘી સ્વદેશી ચીજો માટે. રાગ કેલઇયાનો.

સ્વદેશી ચીજો ખરીદો રે, પરદેશીને પડતી મેહેલો;
કાળ દુકાળને મરકી આદી, માંથે છે શત્રુ અનેક;
હઠવાના નથી હઠ કરી બેઠા, કાઢો રાખીને ટેક. સ્વદેશી૦
ગાંડો ઘેલો કે કાંણો ને કુબડો, હોય પોતાનો જો બાપ;
તેને ટાળી કોણ પરને કહેશે એજ અમારો બાપ. સ્વદેશી૦
એજ પ્રમાણે સપુત સદા, નીજ જનેતાને ચહાય;
વેશ્યા કે ગુણકા દેખી રૂપાળી, માતા તેને ના કહેવાય. સ્વ૦
અભણ કે અજ્ઞાન હશે પણ, માતા કેશે મુજ બાળ;
બીજાના સુજ્ઞ કે શાણા બાળકની નહીં લે તેતો સંભાળ સ્વ૦
તેમ પોતાનો દેશ સમજવો, અને સ્વદેશી માલ;
મુકી સ્વદેશી મોહયા પરદેશી, તેથી થયા આ હાલ. સ્વ૦

હુન્નર અને ઉદ્યોગ માટે સંપ થવા. સિંહ...કન

હિન્દુ મુસલમાન હળીમળીને, હાલત હિન્દની હ
ધર્મના ઝઘડા મુકી બન્ધુઓ, સંપ થકી કરો દુર કે
જૈનને વિષ્ણુ કબીર કે નાનક,ચાનક ચીતમાં હવે કાંઇ
અનેક પંથનો ગ્રંથ ગુંથી એક, શાણા સ્વદેશને આપ
લડે જણ બે ત્યાં ત્રીજોજ ફાવે, બંને બિલાડીનુ બં
માટે મિત્રો હુન્નર વધારો, એ વિણુ ના મળે સુ
ભારતવાશી બન્ધુ હમારા, સુખી થશે તેથી
એક બીજાને ત્યાં આપ પધારો, અરસપરસ
ધર્મનો મર્મ મોટા જણાવે, માતૃભુમિને
સંપને હુન્નર જો એક થાવે.

આર્ય બન્ધુઓને ધર્મ જાળવવા માટે વિનંતી.

રાગ–બનજારો.

હવે સમજો નરને નારી, બધો દેશ બન્યો ભીખારી;
કાંઇ વિચાર મનમાં ન લાવો, વિદેશી ખાંડજ ખાવો;
તજી ધર્મ બીજાને તજાવો, તેથી અધમ ગતી આ તમારી–બધો.
કંઇ ઠંડીથી જ્વર થરતા, કંઇ તાપ થકી તરફડતા;
કંઇ અન્ન વિનાના મરતા એ પાપ આપને ભારી બધો.
આલ્કોહોલ અતી સોડામાં માંની, લીમલેટની કીધી લ્હાણી;
મુકી દુધ પીધું પેલું પાણી, તેથી બન્યા બહુ લાચારી. બધો.
પેલી ખાંડ રાંડ વટલાવે, માંહે હાડ રૂધીર ઘણું આવે,
તેને આર્ય હરખથી ખાવે, આથી અધિક થઇ લાચારી બધો.
સૌ ધર્મનું હિત હવે ધારો, વીદેશી વસ્તુઓ ટાળો.
બીજો એકે નથી હવે આરો, જેથી બનશો સદા જયકારી બધો.

...ભકત પોતાની પ્રિય પત્ની પ્રત્યે કહે છે.

રાગ–જાજારે શું રીસાય રસીલી.

...ીને પરદેશી સુંદરી સ્વદેશી ચીજો લે,
...જો લે મધુરી સ્વદેશી ચીજો. લે મનહર ૧
...ઓ, સ્વદેશી ચોળી, સ્વદેશી ચીર તું લે.
...નુ ઔષધ અળગાં મુકીદે. મનહર ૨
...ીતાને, મુસાળમાં પણ કહે,
...ન માટે સ્વદેશી વસ્તુ લે મનહર ૩
...મીનું કદી જવા ન દે,
...ાડ એવી લેહ. મનહર ૪

જુઓ.

એક બા૦

રાગ—ગ.મડાન.

તમે અમદાવાદ જાજયો રે સગી નણ.

ત્યાંથી લેજ્યોરે હીર તણાં સહુ ચીર;

કીનખાબ કોરોરે ગજીઆંણી ગંભીર,

ચોખી ખાંડ કરવા ખીર, એ પણ દેશી રે સગી નણ

બંગડીઓ પણ લેજ્યો, લેજ્યો બલાઇયોં પણ બે

તમારી ખાતર એસ. એ પણ દેશીરે સગી

એક બે સાબુ ને વળી દીવાસળી ના ભુલે

લેજ્યો ચા માટે એક ચુલો. એ પણ દેશી

તમામ ચીજોરે સ્વદેશની સંભ

જેજે આપથી દુખ ટાળો.

ગુજરાત.

..તવાશી બંધુ હમારા:

..ના હાલ, હમારા ને આજે તમારા.

..ા સારુ નવ જાવે, દુખમાં દુખી દુખાય;

કરે ભાત ભાતનાં કંઇતો ટુકડા માટે અથડાય. ભા૦

..ડા ગાડી ને, કંઇ રથમાં બેશી જાય:

પગ વિશે, કંઇ તો તડકે તપે છે હાય. ભા૦

..માં ગોદડાં, કંઇને હીરનાં ચીર;

..તીયાં, કંઇનાં આખાં ઉઘાડાં શરીર ભા૦

..ો નહિ મોટાનો દોષ;

નવ રાખે બંધુથી રોષ ભા૦

ભારતમાં જન્મ્યા એ ભ્રાત છે, હોય ગમે તે જાતજી.
ઇજ્જત વધારોરે એહથી, ધન્ય તાતને માતજી;
તરસ્યા મટાડેરે દેશની, એજ રંકોના નાથજી.
થાળી મુકી લીધાં ઠીકરાં, કાચ માટીના પ્યાલા,
બાળકને નવ કેળવ્યાં, શીખવ્યા ઠાઠ એ ઠાલા. ૭
બનજ્યો શૂરવીર ધીર રાખીને, ખોટી ખટપટ ત્યાગી;
રહેમ નજર કરી રંકને જગાડો તમે જાગી. ૮
ભાગ્યશાળી ભલા શેઠીઆ, ભાંગો પરાયાં દુખજી;
ઇશ્વર આશ પુરણ કરે, આપો ગરીબને સુખજી. ભક્તિ
સ્વદેશને ના વીસારશો, તન મન ધન તેની સાથજી;
દેશની ભક્તિ કરવા થકી, દેવ પકડશે હાથજી. ભક્તિ
શઠ ન માનેરે શિક્ષા સાચી આ, ઝટ જાગી ના જુવે;
નીરભાગી ને નઠોર તે, આંસુ ભાઈનાં ના લુવે. ભ
જપ થપ તીરથ ભક્તિ દેશની, લેશ વિસારો ના વીરા;
શેવા ઇચ્છેરે સ્વદેશની, એજ હિન્દના હીરા.
વાહાલા વિચારોરે મન વિશે, શાથી થયા આ હાલજી
સાલો દુશાલો કયાં ગઈ. કયાં ગયા સુખપાલજી.
રીઝો રીઝાવી દેશને, મિત્રો કહે ભોગીલાલજી
છે છેરે ધન્ય માત તાતને, ધન્ય

...

...સ્તાનનો વિજય વાવટો તથા ધર્મોપદેશ ૦—૧—૦
...ળી માતાનાં ગાયનો.......................૦—૦—૬
...પુરી માતાનાં ગાયનો......................૦—૧—૦
...રી માતાનાં ગાયનો........................૦—૧—૦
...ક્ષણી માતાનાં ગાયનો તથા ગરબાવળી..૦—૧—૦
...વૃક્ષ (નકશો) તૈયાર થાય છે.........૦—૧—૦
...રસાદની વધામણી તથા મેઘ મહોત્સવ—
...અને મોહનમાળા ભાગ પહેલો............૦—૦—૬
...રે વિગેરે ચોપડીઓ રોકડી કિંમતે મલશે.
...આ અને વ્યાપારી લોકોને કમીશન સારૂં મલશે.
...વિગેરે ખરચ ગ્રાહકોએ પોતાને શીર સમજવો.

નાગરદાસ એન્ડ બાબરભાઇ.

હરીયાપુર-રૂપાપુરી.

અમદાવાદ.

…રદાસ એન્ડ બ્રધર્સ લિ.

અમદાવાદ